Published Date:	5 Jan 2025	Publication:	Divya Bhaskar (Gujarati) [Ahmedabad]
Journalist:	Bureau	Page No:	16
Circulation:	310,118		

ડોલર ઈન્ડેક્સની તેજી, વિદેશી રોકાણકારોની પીછેહટ, રૂપિયામાં સતત નરમાઈના કારણે બજારમાં ટ્રેન્ડ વોલેટાલિટીનો

શેરમાર્કેટ માટે કોર્પોરેટ પરિણામો ટર્નિંગ પોઇન્ટ સાબિત થશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ભારતીય શેરમાર્કેટ માટે 2025નો પ્રારંભ સારો રહ્યો પરંતુ સપ્તાહના અંતીમ દિવસે વિદેશી રોકાણકારોની આક્રમક વેચવાલી, ડોલર ઈન્ડેક્સની તેજીના કારણે માર્કેટમાં નિરાશા જોવા મળી હતી. હજુ માર્કેટમાં તેજી માટે કોઈ નક્કર પોઝિટીવ કારણો નથી પરંતુ શરૂ થનારા કોર્પોરેટ પરિણામોમાં આઈટી, બેન્કિંગ-ફાઈનાન્સ કંપનીઓનો દેખાવ કેવો રહે છે તેના પર બજારની ચાલનો આધાર રહેલો છે. ભારતીય શેરમાર્કેટમાં જાન્યુઆરી મહિનો છેલ્લા 10 વર્ષમાંથી 7 વર્ષ નેગેટિવ રહ્યો છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષથી વિદેશી રોકાણકારોની પણ જાન્યુઆરી માસમાં એક્ટિઝ જોવા મળી છે. ચાલુ વર્ષે પણ પોઝિટીવ કારણો જણાતા નથી. ટ્રમ્પની નવી પોલિસી, જિયો પોલિટિકલ ઈશ્યુ અને ડોલરની

નિફ્ટી માટે સપોર્ટ લેવલ હવે 24000 અને 23750 રહી શકે

બેન્ચમાર્ક નિફ્ટી ગુરૂવારે 24,000ના મનોવૈજ્ઞાનિક લેવલને પાર કરવામાં સફળ રહ્યો હતો. જોકે, ફોલોઅપ બાઈંગના અભાવે શુક્રવારે તે પાછો ૫.ડ્યો હતો. જોકે, તેણે 24000ની સપાટી જાળવી રાખી હતી. ગુરૂવારની તેજી પછી ઈન્ડેક્સને તેના 20 DEMA સહિતની ટૂંકા ગાળાની મૂવિંગ એવરેજ રિકવર કરવામાં મદદ મળી હતી. ઓટો, એફએમસીજી અને એનર્જી જેવા સેક્ટર્સે સપોર્ટ આપ્યો હતો. જ્યારે રિયલ્ટી, ફાઈનાન્સ અને મેટલમાં વટાડો જોવા મળ્યો હતો. બેન્કિંગ શેર્સમાં વેચવાલી જોવા મળી હતી. આગામી સપ્તાહે સેક્ટર રોટેશન સાથે બેન્કિંગ અને IT યોગદાન આપી શકે છે. નિફ્ટીમાં તાત્કાલિક પ્રતિકાર 24,200-24,350 ઝોનમાં છે, ત્યારબાદ 24,500 અને 24,850 પર લક્ષ્યાંક છે. જ્યારે સપોર્ટ લેવલ હવે 24,000 અને 23,750 પર છે. ઓપ્શન્સ ડેટા સૂચવે છે કે નજીકના ગાળાની ટ્રેડિંગ રેન્જ 24,000-25,000ની છે.»

દિનેશ ઠક્કર, ચેરમેન, ટ્રેડબુલ્સ સિક્યુરિટીઝ.

ચાલ માર્કેટ પર અસરકર્તા સાબીત થશે.

માર્કેટ એનાલિસ્ટોના મતે આગામી સપ્તાહે બે તરફી રેન્જ જોવા મળશે. નિફ્ટી માટે નીચામાં 23700નો સપોર્ટ રહેશે જ્યારે ઉપરમાં 24200-24300 ની સપાટી સુધી પહોંચી શકે તેવો અંદાજ છે. આઈટી, બેન્કિંગ-ફાઈનાન્સ સેક્ટરમાં મજબૂત ટ્રેન્ડ જોવા મળી શકે છે. ગત સપ્તાહે સેન્સેક્સ 524.04 પોઈન્ટ વધી 79223.11 અને નિફ્ટી 191.35 પોઈન્ટ વધી 24004.75 બંધ રહ્યો હતો. ડોલર સામે રૂપિયો ગબડી 85.78 રહ્યો છે જે 86ની સપાટી કુદાવે તેવા સંકેતો છે.

વૈશ્વિક અનિશ્ચિતતાના કારણે રોકાણ મુદ્દે મ્યુ.ફંડ શ્રેષ્ઠ ઓપ્શન

નવું વર્ષ વૈશ્વિક અનિશ્ચિતતાઓના કારણે ઘેરાયું રહેશે તેવો અંદાજ છે. જાન્યુઆરીમાં ટ્રમ્પ કમાન સંભાળતા નવી પોલિસી કેવી રજુ કરે છે, વૈશ્વિક જિયો પોલિટિકલ ઈશ્યુ કેવા સર્જાય છે તેના પર બજારનો મુખ્ય આધાર રહેલો છે.


દિનેશ માધવાણી
ફંડ એનાલિસીસ

નવા વર્ષે શેર માર્કેટમાં 10 ટકા સુધી રિટર્ન સિમિત રહેશે તેવો નિર્દેશ એનાલિસ્ટો કરે છે. આવા સમયમાં રોકાણ મુદ્દે મ્યુચ્યુઅલ ફંડ્સ શ્રેષ્ઠ ઓપ્શન સાબીત થઈ શકે છે. યોગ્ય ફંડની પસંદગી કરી લાંબા ગાળાનું રોકાણ અપનાવવામાં આવશે તો સારૂ રિટર્ન મેળવી શકાશે. ઈન્ડ.નો ડબલ ડિજિટ ગ્રોથ રહેશે.

લાર્જકેપ-મિડકેપ ફંડ્સ

વિગત	1-વર્ષ	3-વર્ષ	5-વર્ષ	ફંડ શરૂથી
એચએસબીસી લાર્જ-મિડ ફંડ	32.91%	31.58%	27.02%	25.37%
મોતીલાલ લાર્જ-મિડ ફંડ	45.54%	40.29%	33.40%	32.47%
ઈન્વેસ્કો ઈન્ડિયા લાર્જ-મિડ	32.40%	33.00%	27.19%	16.76%

FOCUSED ફંડ્સની માહિતી

બંધન ફોકસ ઈક્વિટી	32.54%	28.04%	22.85%	12.98%
ઈન્વેસ્કો ફોકસ ફંડ	33.03%	35.29%	---%	29.37%

મલ્ટી એસેટ ફંડ્સ

ICICI પ્રુડે. મલ્ટી એસેટ	10.46%	19.92%	22.42%	17.77%
યુટીઆઈ મલ્ટિ એસેટ એલો.	13.95%	22.98%	19.10%	11.31%
તાતા મલ્ટી એસેટ ઓપ.	8.87%	15.95%	---%	16.49%

બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ

બરોડા બીએનપી બેલેન્સ ફંડ	11.66%	16.95%	16.05%	15.85%
એડલવાઈસ બેલેન્સ એડ.	8.38%	14.74%	14.57%	11.92%

(સોર્સ: ટેલીન વેલ્થ મૂપ)